**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેર ટ્રાફિક પોલીસ દ્વારા જાગૃતિ અભિયાન

## ગાંધીનગર ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ સોલંકી વિવિધ સર્કલો પર હાથમાં માઈક લઈ કોરોના વાયરસનું સંક્રમણ કેમ અટકાવી શકાય તે વિશે માહિતી આપે છે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સર્કલ પર ટ્રાફિક સંચાલન સાથે કોરોના સંક્રમણથી બચવા અંગેની નગરજનોને સતત જાગૃત્તિ આપવાનું ઉમદા કાર્ય ગાંધીનગર ટ્રાફિક પોલીસના કોન્સટેબલ શ્રી ધર્મેન્દ્રસિંહ સોલંકી કરી રહ્યાં છે.

ગાંધીનગર જિલ્લા સહિત શહેરમાં લોકડાઉન થયું ત્યારેથી જિલ્લા પોલીસના જવાનો પોતાની ફરજ સાથે સાથે માનવીય અભિગમને પણ પ્રાધાન્ય આપ્યું છે. કયાંક ભૂખ્યા લોકોની જઠરઅગ્નિ ઠારી છે. તો કયાંક જરૂરિયાતમંદોની જરૂરિયાત સંતોષી છે. સમગ્ર જિલ્લા અને શહેરમાં લોક ડાઉનની કડક અમલવારી પણ કરાવી છે.

આવું જ અનોખું કાર્ય ગાંધીનગર શહેર ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ સોલંકી કરી રહ્યાં છે. ટ્રાફિક પોલીસમાં રોડ બેરીકેટીંગની કામગીરી કરતાં ધર્મેન્દ્રસિંહ સોલંકી કોરોના વાયરસના હાહાકાર વચ્ચે ગાંધીનગરના વિવિધ સર્કલો પર હાથમાં માઈક લઈ સતત લોકોને કોરોના વાયરસનું સંક્રમણ કેમ અટકાવી શકાય. કોરોનાથી બચવા લોકોએ શું ખાસ તકેદારી રાખવી જેવી વાતોને સતત બોલતા રહે છે. જેથી લોકોમાં આ અંગેની જાગૃત્તિ આવે.






કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ સોલંકી કહે છે કે, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડાના માર્ગદર્શન હેઠળ અમારા અધિકારીઓ દ્વારા કોરોના વાયરસના હાહાકાર વચ્ચે માનવીય અભિગમ સાથે કાર્ય કરી લોકોને સતત જાગૃત કરવામાં આવે છે. અમને અમારા પોલીસ ખાતા તરફથી માઈક સિસ્ટમ આપવામાં આવી છે. આ માઈક સિસ્ટમનો ઉપયોગ મારે મારી ફરજ સાથે કરવાનો છે. પરંતુ મારી પાસે સમય હોય ત્યારે હું ગાંધીનગરના વિવિધ સર્કલો ખાતે ટ્રાફિક સિગ્નલ બંધ થાય તે બાજુ ઉભો રહી કોરોના વાયરસ અંગે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનથી લોકોને વાકેફ કરું છું. કોરોના વાયરસના સંક્રમણથી બચવા શું કરવું ? અને શું ન કરવું ? તેની વિસ્તૃત માહિતી આપું છું. કોઈ મને સંભાળે કે નહિ, પણ હું મારું કામ મારી ફરજની જેમ પુરી નિષ્ઠાથી અદા કરું છું. સચિવાલય, શોપીંગ સેન્ટરો અને વિવિધ સેકટરોના વિસ્તારમાં જઈને પણ આ કાર્ય કરું છું.



શહેરના ન્યૂ ગ્રીનસીટી સે-૨૬ વિસ્તારના રહેવાસી બહેનો આશાબેન પટેલ અને આશાબેન ચૌધરી ગાંધીનગર સિવિલમાં કોરોના વોરિયર્સની ફરજ બજાવી ઘરે પરત ફર્યા હતા. આટલી મોટી મહામારીમાં પણ પોતાની સલામતીની પરવા કર્યા વગર દેશના આ સંકટ સમયની જરુરિયાતમાં પોતાની ફરજ, નિષ્ઠા અને જવાબદારી ખંત પૂર્વક નિભાવવા બદલ તેમની હિમ્મતભરી માનવતાભરી કામગીરીને બિરદાવવા તા. ૨૨ મે ના રોજ સાંજે ૬ વાગ્યે સોસાયટીના પ્રવેશ દ્વારે આ બે કોરોના વોરીયર્સ બહેનોને અભિનંદન પાઠવતા કાર્યક્રમનું આયોજન સોશીયલ ડિસ્ટન્સનું પાલન થાય તે રીતે કરવામાં આવ્યું હતું. તમામ વસાહતીઓએ ઉપસ્થિત રહી બન્ને બહેનો ઉપર પુષ્પ વર્ષા કરી થાળીના રણકારથી સ્વાગત કરતા આનંદની લાગણી પ્રગટ કરી હતી. ઉત્સાહ વધારવા બદલ બંને બહેનોએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. આ આયોજનમાં ગ્રીનસીટી વસાહતના પ્રમુખ નરેશ પટેલ, પરેશ પટેલ તથા તમામ સભ્યો દ્વારા વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

### નવા સેનેટાઈઝ મશીનથી જુસિકાની એમ્બુલન્સનું સેનેટાઈઝેશન




ગાંધીનગરમાં જૂનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા છેલ્લાં ૨૦ વર્ષોથી વિવિધલક્ષી સેવા પૂરી પાડવામાં આવે છે જેમાં શબવાહિની અને એમ્બુલન્સ સેવાનો પણ સમાવેશ થાય છે. હાલ કોરોના કટોકટીમાં પણ જુસિકાની એમ્બુલન્સ સેવા દિવસ-રાત સેવામાં તૈનાત હોય છે. કોરોના વાઈરસ સંક્રમણની ભીતિને પગલે જુસીકા દ્વારા હાલ તમામ સેવા દરમ્યાન સુરક્ષાના પગલાં લેવામાં આવે છે જેના ભાગ રૂપે એમ્બુલન્સને પણ સેનેટાઈઝ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુસિકા દ્વારા પોતાનું સેનેટાઈઝિંગ મશીન જ વસાવી લેવામાં આવ્યું છે જેને કારણે હવે જુસિકાની તમામ સેવા વધુ સુરક્ષિત અને વધુ વિશ્વસનીય બનવા પામી છે.

### સહયોગ સમાજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટનું 'તેરા તુજકો અર્પણ' સેવા કાર્ય



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં જ્યારથી કોરોના મહામારીના કારણે લોકડાઉન લાગુ પડ્યું છે ત્યારથી શહેરની સહયોગ સમાજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ 'તેરા તુજકો અર્પણ' સેવા કાર્ય અંતર્ગત ભૂખ્યાને ભોજન, ખીચડી સેવા, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, ગૃહ ઉદ્યોગો દ્વારા રોજગારી, સહિતનાં સમાજ સેવાના કાર્યો કરી રહ્યું છે. આ સાથે સંસ્થા દ્વારા લોકડાઉન દરમ્યાન જરૂરીયાતમંદોને ભોજન તેમજ અનાજની કીટ વિતરણ સાથે સાથે પોલીસ કોરોના વોરિયર્સને માસ્કનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. હવે લોકડાઉનના ચોથા ચરણમાં ફરી એકવાર સંસ્થા દ્વારા દાતાઓનાં સહયોગથી શહેરના નાના મંદિરનાં પૂજારીઓ તથા જરૂરીયાતમંદ બ્રાહ્મણ પરિવારોને અનાજ-કરિયાણા કીટનું વિતરણ શરુ કરવામાં આવ્યુ છે. આ સેવા કાર્યમાં દાતાઓ ઉપરાંત અખિલેશ મહારાજનો સહયોગ અને નયનાબેન રાવલનું માર્ગદર્શન તેમજ અક્ષય ભટ્ટની અમુલ્ય સેવા પ્રાપ્ત થયા હતા. આ સાથે શહેરના દાતાઓને પણ સંસ્થાના 'તેરા તુજકો અર્પણ' સેવા કાર્યમાં સહયોગી બનવા હાકલ કરવામાં આવી રહી છે.







# જલુંદ ગામે કોરોનાને ગામ બહાર રાખવા યુવાનો મક્કમ

## ગામમાં સળંગ પાંચ દિવસ આયુર્વેદિક ઉકાળા વિતરણનું આયોજન હાથ ધરાયું

ગાંધીનગર, તા.૨૪

આખરે નોવેલ કોરોના કોવિદ-૧૯ વાઈરસ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ તેના સંક્રમણની માયાઝાળ ફેલાવવા લાગ્યો છે જેને કારણે ગ્રામ્ય વિસ્તારની જાણતા સતર્ક થઈ જવા પામી છે. જિલ્લાના અને ગામોમાંથી કોરોના પોઝિટિવ કેસો મળી આવ્યા છે તેમ છતાં હજુ પણ જિલ્લાનો મોટોભાગ કોરોના સંક્રમણથી મુક્ત રહેવા પામ્યો છે જે એક આશાનું કિરણ છે. જે ગામ કોરોના સંક્રમણથી મુક્ત રહ્યું છે તેવા ગામના જાગૃત ગ્રામજનો પોતાના ગામમાં આ મહામારી પ્રસરે નહીં તે માટે સજાગ બન્યા છે. ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે શનિવારથી સળંગ પાંચ દિવસ માટે સેકટર-૭ના સરકારી આયુર્વેદિક દવાખાનાના સહયોગથી રોગપ્રતિકારક શક્તિ વધારતા ઉકાળાના વિતરણનું આયોજન ગામના સેવાભાવી યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉકાળામાં યુવાનો દ્વારા લવિંગ, તજ, તુલસી વગેરે જેવી ઔષધીઓ ઉમેરીને આયુર્વેદિક પદ્ધતિ મુજબ રાતભર પલાળી રાખી વહેલી પરોઢથી તેને ઉકાળવામાં આવે છે અને તે મુજબ તૈયાર થયેલો ઉકાળો ગ્રામજનોને સવાર સવારમાં તાજો જ પીવડાવવામાં આવે છે જેથી તેની અસરકારકતા વધુ રહે. જલુંદ ગામના યુવાનો પોતાનું ગામ જે હજુ કોરોના સંક્રમણથી મુક્ત રહ્યું છે તેની પર કાળમુખા કોરોનાનો પડછાયો ના પડે તે માટે સતર્ક બની જહેમત ઉઠાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જલુંદ ગામમાં લોકડાઉન દરમ્યાન નિયત નિયમોનું યોગ્ય રીતે પાલન થાય તે માટે પણ આ યુવાનો સતત કાર્યરત છે.

### ચિરવિદાય

- સ્વ. ચેલારામ ગણેશભાઈ પટેલ, ઉ.વ. ૬૦
- સ્વ. શ્યામલી મીલન ચંદ્રવતી, ઉ.વ. ૫૫
- સ્વ. વિઠ્ઠલભાઈ બેચરદાસ પટેલ, ઉ.વ. ૭૪
- સ્વ. સોલંકી રમણજી વજાજી, ઉ.વ. ૪૮
- સ્વ. વણકર ચંચીબેન પશાભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. બાબુભાઈ નરસિંહભાઈ પરમાર, ઉ.વ. ૭૨
- સ્વ. ગુંજનકુમાર બંસીલાલ દત્ત, ઉ.વ. ૨૮

# સંગઠનની સાચી એકતા પાછળ રહી જતાં સાથીને સાથે લઈને ચાલવામાં છે

## ગાંધીનગરમાં કોરોના લોકડાઉનના પ્રારંભે જ આકસ્મિક રીતે મુશ્કેલીમાં મુકાયેલા એક જરૂરિયાતમંદ ફોટોગ્રાફરની વ્હારે આવી કેપિટલ કેમેરા ક્લબ : ફોટોગ્રાફર મિત્રોના આ સંગઠને સાચી સકારાત્મક એકતા દર્શવતા એક પરિવાર એક મોટી આફતમાંથી ઉગરી જવા પામ્યો

ગાંધીનગર, તા. ૨૪

આજકાલ 'સંગઠન હી શક્તિ હૈ'ના રૂપકડા સૂત્રની ઓથ હેઠળ અનેક વ્યાવસાયિક, જાતિ કે જ્ઞાતિ અથવા સમાજ, કોઈ પણ એક સરખા પ્રકારની નોકરી કરનારા કે ઉમેદવારો અથવા ધાર્મિક કે રાજકીય વિચારધારા અનુસરનારા નીતનવા એસોસિએશન કે પછી મંડળ ઊભા કરી પોતાની માંગણીઓ માટે સરકારને ભીંસમાં લેવાનો કે પછી તેની આડમાં પોતાનું રાજકીય કે સામાજિક વર્ચસ્વ ઊભું કરવાનો અને પોતાની 'પાછળ' ચાલનારા ઘેટાનું ટોળું તૈયાર કરવાનો પ્રયાસ કરનારાઓનો તોટો નથી. આજે બહુ ઓછા સંગઠન, એસોસિએશન કે મંડળ એવા જોવા મળે છે જે તેની સાથે જોડાયેલા અથવા સમાન કામ, સ્થિતિ કે વિચારધારા ધરાવનારા સૌ કોઈના હિત કે કલ્યાણ માટે અથવા તેમના પર આવી પડેલી આકસ્મિક મુસીબતમાં તેમને મદદરૂપ થઈ ફરી બેઠા કરી પોતાની 'પાછળ' નહીં પરંતુ દરેકની સાથે ચાલી શકે તે માટે કાર્ય કરે પછી ભલે સંગઠનના નામમાં 'વેલ્ફેર' એટલે કે 'કલ્યાણ' શબ્દ પણ જોડેલો હોય. જો કે ગાંધીનગરમાં એક એવું સંગઠન પણ છે જે અસંગઠીત ક્ષેત્રે કાર્યરત સમાન વ્યવસાય ધરાવતા પોતાના સાથી વ્યવસાયિકોને વ્યવસાયિક સ્પર્ધાને કોરાણે મૂકી તેમના પર આવી પડેલ આકસ્મિક મુસીબતમાં ચિંતા કરી તેમની પડખે ઊભું રહે છે.

ગાંધીનગરમાં પીડબલ્યુડીમાં પટાવાળાની નોકરી કરતાં અંબાલાલ શુક્લનો




દીકરા ધીરજભાઈ એસેસસીમાં નાપાસ થયા હતા પરંતુ પોતાની ફોટોગ્રાફીની આવડતને જોરે તેમણે ફોટોગ્રાફર તરીકેનો વ્યવસાય અપનાવી લીધો હતો. વર્ષ ૧૯૯૬થી ગાંધીનગરમાં ફોટોગ્રાફી વ્યવસાય કરતાં ધીરજભાઈએ પોતાની કારકિર્દી દરમ્યાન સ્ટુડિયો પણ ચલાવ્યો, સરકારના માહિતી ખાતામાં, પોલીસ ખાતાના વિવિધ વિભાગો જેવા કે આઈબી, એલઆઈબી, સીઆઈડી વગેરેમાં પણ છૂટક કે કરાર આધારિત કામ કરી ચૂક્યા છે. જોકે આ કારકિર્દીમાં તેમનો પરંતુ જીવન નિર્વાહ તો ચાલી ગયો પરંતુ બે પાંદડે થવાનું નસીબ બન્યું નહીં. ધર્મપત્ની રમીલાબેન અને બે દીકરાના પરિવાર સાથે છેલ્લાં કેટલાક સમયથી



ગાંધીનગરમા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર ધોળાકુવામાં એક ચાલમાં રહેતા ધીરજભાઈ શુક્લને કબજિયાતની તકલીફ હતી અને ઉપરથી છેલ્લાં બે વર્ષથી ગુદામાં વાઢિયાંની સમસ્યા સતાવતી હતી પરંતુ તેઓ તેને મસા થયા હોવાનું સમજી મસા મટાડવા જે કોઈ મિત્ર કે સ્નેહીજન દવા સૂચવે તે ઉપાય કરે રાખતા હતા. આ કારણે હમણાં બે માસ પહેલા એટલે કે લોકડાઉન-૧ શરૂ થયું તેવામાં જ જ્યારે તેમના પત્ની રમીલાબેન તેમના પિયર અમદાવાદ ગયેલા હતા તેવા સમયમાં ગુદા ભાગેથી પરુ થવા લાગ્યું જે છેક ડાબા પગના પાછળના ભાગે ઘૂંટણ સુધી પહોચી ગયું ત્યાં સુધી તો તેમણે ખબર પણ ના પડી. એક દિવસે અચાનક દર્દ અને તકલીફ વધી જતાં તેમણે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયા જ્યાં તબીબોએ પરુ થયાનું નિદાન કરી સ્થિતિ ગંભીર હોવાથી અમદાવાદ લઈ જવા સલાહ આપી. જોકે આ દરમ્યાન અમદાવાદમા કોરોના વકરી ચૂક્યો હતો અને કડક લોકડાઉન લાગુ પડી ચૂક્યું હતું એટલે પિયરથી તાત્કાલિક આવી પહોચેલા પત્ની રમીલાબેને ધીરજભાઈની સારવાર ગાંધીનગરમાં જ ખાનગી હોસ્પીટલમાં કરાવવા નિર્ણય કર્યો અને સેક્ટર-૬ની એક ખાનગી હોસ્પીટલમાં તેમણે લઈ જવાયા જ્યાં તબીબે 'જો દર્દીને લાવવામાં એક-બે દિવસ પણ મોડુ કર્યું હોત તો જીવનું જોખમ હતું' તેવું જણાવી તાત્કાલિક ઓપેરેશન કરવાની જરૂરિયાત હોવાનું જણાવ્યુ હતું અને તે માટે આશરે રૂ.૭૦ હજારના મસમોટા ખર્ચનો અંદાજ આપ્યો હતો. આ સ્થિતિમાં શું કરવું તેની અવઢવમાં રમીલાબેન હતા ત્યારે ગાંધીનગરમાં ફોટોગ્રાફીનો વ્યવસાય કરતાં ફોટોગ્રાફર્સમિત્રો દ્વારા કાર્યરત 'કેપિટલ કેમેરા ક્લબ' તેમનં વ્હારે આવી અને ધીરજભાઈના ઓપેરેશનનો મોટા ભાગનો ખર્ચ આ ક્લબના બે-ત્રણ સભ્યોના સંનિષ્ઠ પ્રયાસોને કારણે પ્રાપ્ત થઈ શક્યો છે.

કેપિટલ કેમેરા ક્લબના સોશિયલ મીડિયાના ગ્રૂપમાં ધીરજભાઈની પરિસ્થિતિ અંગે સૌ પહેલી જાણ સુરેશભાઈ શાહ નામના ફોટોગ્રાફરે મદદ માટેનો મેસેજ મૂકીને કરી હતી પરંતુ અન્ય ગ્રૂપમાં જેમ કામ વગરના અનેક મેસેજ વચ્ચે અગત્યના મેસેજ ચૂકી જવાય તેમ આ મેસેજ કોઈના ધ્યાનમાં આવ્યો નહી. આ પછી કેપિટલ કેમેરા ક્લબે કોરોના કટોકટીમાં શહેરના જરૂરિયાતમંદ ફોટોગ્રાફર્સને અનાજ-કરિયાણાની કીટના વિતરણનું કામ હાથ ધર્યું ત્યારે તેમાં ધીરજભાઈનું નામ નહોતું જે અંગે 'ગાંધીનગર સમાચાર'ના પ્રેસ ફોટોગ્રાફર શૈલેન્દ્ર સોલંકીએ ધીરજભાઈને થયેલી તકલીફ હોવાનું અને કીટ કરતાં પણ ઓપરેશનના ખર્ચ માટે સહાયની જરૂર હોવાનું સભ્યોને ધ્યાન દોર્યું હતું. આ વાત સાંભળી કેપિટલ કેમેરા ક્લબના દીપકભાઈ વ્યાસ અને કૌશિકભાઈ ગજ્જરે આ બાબતે ગંભીરતાથી વિચાર કરી ધીરજભાઈને મદદરૂપ થવાનો નિર્ધાર કર્યો હતો. આ પછી દીપકભાઈ વ્યાસે એક નવો મેસેજ બનાવી ફરી જેટલા ફોટોગ્રાફર્સ ગ્રૂપ હતો તેમાં મુક્યો જેમાં તેમણે ધીરજભાઈના બેન્ક ખાતાની વિગતો પણ મૂકી અને દરેક સભ્યોને સીધી ધીરજભાઈને મદદ પહોચાડવા વિનંતી કરી હતી. આ મેસેજની ખૂબ અસર પડી અને જોતજોતામાં ધીરજભાઈના બેન્ક ખાતામાં મદદ આવવા લાગી અને એકમાસથી ઓછા ગાળામાં રૂ.૫૫ હજારની મદદ તેમણે પ્રાપ્ત થઈ ગઈ હતી જેમાં ગાંધીનગર, અમદાવાદ, સુરત, સુરેન્દ્રનગર સહિત ગુજરાત અને અમેરિકાથી પણ મદદ પ્રાપ્ત થઈ હતી. ગાંધીનગરના હિતેશ બારોટ નામના ફોટોગ્રાફરે મોટી નાણાકીય મદદ કરવા ઉપરાંત લોકડાઉન પછી ધીરજભાઈ સજા થઈ જાય એટલે તેમને નોકરી કે કામ આપવાની પણ ઓફર કરી દીધી છે. અમદાવાદનાં કર્ણાવતી પશ્ચિમ ફોટો-વિડિયો એસોસિએશને પણ સારી એવી આર્થિક મદદ કરી છે. અમેરિકાથી વિજયભાઈ પટેલ, સુરેન્દ્રનગરથી સચિનભાઈ દવે વગેરે સહિત અનેક ફોટોગ્રાફર મિત્રો ઉપરાંત દીપકભાઈ-કૌશિકભાઈના કહેવાથી મેડિકલ સ્ટોર્સના માલિકે પણ દવાના બિલમાં મોટી રાહત આપી પોતાનો ફાળો આપ્યો છે. આમ, એક સંગઠનના સનિષ્ઠ પ્રયાસને કારણે એક જરૂરિયાતમંદ સભ્યને અણીના સમયે ખુબજ ઉપયોગી મદદ પ્રાપ્ત થતાં તે પોતે અને તેનો પરિવાર એક મોટી આફતમાથી ઉગારી જવા પામ્યો છે જે એક સંગઠનની સાચી સકારત્મક એકતાને પ્રતિત કરે છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com